# પૂ.લાલચંદભાઈના પ્રવચનો
# પ્રવચન નં:-૧૫, તા.૬-૯-૮૭
# ઉત્તમ બ્રહ્મચર્ય ધર્મ.
# સમયસાર ગાથા-૩૮૭ થી ૩૮૯

બ્રહ્મચર્ય એક શુભભાવરૂપ હોય છે. અને એક બ્રહ્મચર્ય શુધ્ધભાવરૂપે હોય છે. એમ બ્રહ્મચર્ય ધર્મનો દિવસ ગણાય છે. બ્રહ્મ એટલે આત્માનો સ્વભાવ, તેમાં ચરવું-પરિણમવું-લીન થવું-તે બ્રહ્મચર્ય છે. વિકાર અને પરના સંગરહિત આત્મસ્વભાવ કેવો છે તે જાણ્યા વગર ઉત્તમ બ્રહ્મચર્ય હોય નહીં. લૌકિક બ્રહ્મચર્ય તે શુભરાગ છે, ધર્મ નથી અને ઉત્તમ બ્રહ્મચર્ય તે ધર્મ છે રાગ નથી. શુધ્ધ આત્મસ્વભાવની રુચિ વગર વિષયોની રુચિ છૂટે નહીં. શરત એ છે. શુધ્ધ આત્મસ્વભાવની રુચિ વિના વિષયોની રુચિ છૂટી શકે નહીં. મારા સ્વભાવમાંથી જ મારી સુખદશા પ્રગટે છે, મારી દશા પ્રગટવા માટે મારે કોઈની અપેક્ષા નથી. એમ પરથી ભિન્ન સ્વભાવની દૃષ્ટિ થયા વગર વિષયોની રુચિ છૂટે નહીં. બહારમાં વિષયો છોડે પણ અંતરમાંથી વિષયોની રુચિ ન છોડે તો તે બ્રહ્મચર્ય નથી. સ્ત્રી ઘરબાર છોડીને ત્યાગી થઈ જાય, અશુભભાવ છોડીને શુભ કરે, પરંતુ તે શુભભાવમાં જેને રુચિ અને ધર્મબુધ્ધિ છે તેને ખરેખર વિષયોની રુચિ છૂટી નથી. શુભ કે અશુભ વિકાર પરિણામમાં એકતાબુધ્ધિ તે જ અબ્રહ્મ પરિણતિ છે, અને વિકારરહિત શુધ્ધ આત્મામાં પરિણામની એકતા તે જ બ્રહ્મ પરિણતિ છે. એ જ પરમાર્થ બ્રહ્મચર્ય(ધર્મ) કહેવામાં આવે છે. તે સંવર, નિર્જરા અને મોક્ષનું કારણ થાય છે.

અહીં સમ્યગ્દર્શનપૂર્વક મુનિમહારાજના ચારિત્રદશાના બ્રહ્મચર્યની અપૂર્વ વાત છે. જગતના સર્વ વિષયોથી ઉદાસ થઈને આત્મસ્વભાવમાં ચર્યા પ્રગટી છે તે બ્રહ્મચર્ય છે અને તેના ફળમાં તેમને પરમાત્મપદ મળ્યે જ છૂટકો. સ્વભાવમાં એકતા કરી અને પરથી નિરપેક્ષ થયા, ત્યાં જે વીતરાગભાવ પ્રગટયો તે બ્રહ્મચર્યધર્મ છે. એમ બ્રહ્મચર્યની વ્યાખ્યા મુનિમહારાજની ચારિત્રની મુખ્યતાએ કરી. એ ચારિત્રદશા પ્રગટ થવાનું કારણ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય, જ્ઞાનચેતના કેમ પ્રગટ થાય અને અજ્ઞાનચેતનાનો કેમ નાશ થાય એ બતાવનારું પરમ અધ્યાત્મ શાસ્ત્ર-સમયસાર શાસ્ત્ર છે.

આ ભારતમાં અજોડ શાસ્ત્ર છે. તેને અદ્વિતીયચક્ષુ કહેવામાં આવે છે. તેનો કોઈ જોટો નથી. તેને આપણી સ્તુતિમાં ગ્રંથાધિરાજ તરીકે સંબોધ્યું છે. એવું અપૂર્વ જેના મહાભાગ્ય હોય, જેને .......... વધી જાય ત્યારે આ સર્વજ્ઞની વાણી, કુંદકુંદની વાણી કાન ઉપર આવે.મહાભાગ્ય યોગે શુધ્ધાત્માની વાત સાંભળવા મળવી પણ દુર્લભ છે. એનો નિર્ણય કરીને અનુભવ કરવો એ તો વધારે દુર્લભથી પણ દુર્લભ

છે. તેમાં આપણે ૩૮૭-૮૮-૮૯ ગાથાનો સ્વાધ્યાય કરવાનો છે.

**ટીકા :- જ્ઞાનથી અન્યમાં,** એટલે જ્ઞાનમય પોતાનો શુધ્ધાત્મા છે. તેનાથી અન્ય અનેરા ભાવમાં, એટલે રાગાદિ ભાવમાં, **એમ ચેતવું (અનુભવવું) કે 'આ હું છું',** આ રાગ તે હું છું અને રાગ મારો છે. એમ જ્ઞાનમય આત્માને છોડીને પરભાવમાં આત્મબુધ્ધિ કરવી તેને પરમાત્મા અજ્ઞાનચેતના કહે છે. સંસ્કૃતનું ન જાણવું, વ્યાકરણનું ન જાણવું, એબીસીડી ન આવડે તે અજ્ઞાન નથી. અજ્ઞાનચેતનાનો અર્થ કરતાં કહે છે, કે પોતે જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર હોવા છતાં, જે જાણવાની ક્રિયામાં રાગાદિ જણાય છે, રાગાદિનો પ્રતિભાસ થાય છે, એ રાગ એ જ્ઞાનથી અન્ય-અનેરો ભાવ છે. રાગમાં જ્ઞાન નથી અને જ્ઞાનમાં રાગ નથી. જ્ઞાનથી રાગ અત્યંત ભિન્ન છે. જ્ઞાનથી અત્યંત ભિન્ન એટલે આત્માથી અત્યંત સર્વથા ભિન્ન છે. રાગ કથંચિત ભિન્ન આત્માથી-જ્ઞાનથી અને કથંચિત અભિન્ન એમ છે નહીં. આહાહા! એ જ્ઞાનથી અન્ય, અનેરા, પૃથક, ભિન્ન જાતિના ભાવમાં એ વ્યવહારનય તેને જીવનો ભાવ કહે છે, નિશ્ચયનય કહે છે કે એ પુદ્ગલનો ભાવ છે.

જો રાગ જીવના પરિણામ હોય અને રાગને જીવના પરિણામ જાણે, માને તો તો સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન હોવું જોઈએ. રાગ જીવના પરિણામ નથી. જ્ઞાન જીવના પરિણામ છે. જ્ઞાનને જીવના પરિણામ જાણવા તે તો સાચી વાત છે. પણ રાગને જીવના પરિણામ જાણવા અને માનવા એ અજ્ઞાન છે. દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામને જીવના પરિણામ જાણવા, માનવા એ વ્યવહાર નથી પણ અજ્ઞાન છે. શું કહ્યું? રાગ છે એ જીવના પરિણામ છે, એ વ્યવહાર છે. એ વ્યવહાર નથી પણ અજ્ઞાન છે. કેમ કે જીવની જાત નથી. અભેદનો ભેદ નથી. જ્ઞાનને જીવના પરિણામ જાણવા, કહેવા એ વ્યવહાર છે અને જીવને જીવ કહેવો તે નિશ્ચય છે.

જીવના જ્ઞાન-દર્શન ઉપયોગ, જે જાણવા-દેખવાની ક્રિયા થાય તેને જીવના પરિણામ કહેવા એ તો વ્યાજબી છે. પણ જે જીવની જાત નથી, ચેતનની જાત નથી. જેમાં ચેતનની સ્ફૂરણા નથી એવા રાગાદિ પરભાવ જ્ઞાનથી જુદા ભાવ છે એ, એમાં એમ જાણવું કે આ હું છું, રાગ હું છું, રાગ મારો છે, રાગ મારામાં થાય છે. આહાહા! પ્રત્યેક જીવમાં પ્રત્યેક સમયે જ્ઞાન થાય છે. શું કહ્યું? સમ્યગ્જ્ઞાન કે મિથ્યાજ્ઞાન શબ્દનો ઉપયોગ નથી કર્યો મેં.

પ્રત્યેક જીવમાં પ્રત્યેક સમયે જ્ઞાન થાય છે અને એ જ્ઞાનઉપયોગમાં ભગવાનઆત્મા જણાય છે, એવું જ્ઞાન થાય છે. છતાં પણ એ જ્ઞાનના પરિણામ એ જીવના પરિણામ છે એમ ન જાણતાં, માનતા એ જ્ઞાનની સ્વચ્છતામાં કર્મ અને નોકર્મના પરિણામનો પ્રતિભાસ દેખીને એ પરિણામ મારા છે, એમ જાણવું અને માનવું તેને પરમાત્મા અજ્ઞાનચેતના કહે છે. અનંતસંસારનું કારણ અને આઠ કર્મના બંધનું એ નિમિત્ત કારણ થાય છે. એમ આવશે ટીકામાં. આહાહા! જ્ઞાનથી અન્ય અનેરા ભાવો છે. એ જીવનો

ભાવ નથી, રાગ, દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ. આ આરતી બોલાણી તેમાં જે શુભરાગ આવ્યો ભગવાન પ્રત્યેનો શુભરાગ આવ્યો. એ રાગ જીવના પરિણામ નથી. રાગ આવ્યો એમ જેણે જાણ્યું એ જ્ઞાન તે જીવના પરિણામ છે. કે જે જ્ઞાનમાં આત્મા જણાય છે. માટે જીવના પરિણામ છે. એ જ્ઞાનમાં જીવ ન જણાતો હોત તો તે જીવના પરિણામ ન કહેવાત. પણ પ્રત્યેક જીવને પ્રત્યેક સમયે તેના જ્ઞાન ઉપયોગમાં, ઉપયોગ લક્ષણ છે આત્માનું. એ ઉપયોગમાં ભગવાનઆત્મા જણાય રહ્યો છે.

એ જણાય છે એને પણ જીવપણે ન માન્યો અને જે જ્ઞાનની પર્યાય છે એ જીવના પરિણામ છે એમ પણ ન જાણ્યું-માન્યું અને તેનાથી આગળ વધીને રાગને-રાગને જીવ માનવો અને રાગને જીવના પરિણામ જાણવા-માનવા એ અન્ય-અનેરો ભાવ છે, તેમાં જ્ઞાનચેતનાનો અંશ નથી. તેમાં જાગૃતિનો અંશ નથી ભાઈ! એ જડ છે. ખરેખર તો એ દ્રવ્યકર્મનો જ અનુભાગ છે. એ તો જ્ઞાનપદમાં જણાય છે. જાણવાના કાળે ભૂલ્યો. જ્ઞાનનો ત્યાગ કરી અને રાગ મારો છે એમ માનીને અજ્ઞાનચેતના સંસાર સમયે સમયે જીવ ઊભો કરે છે.

કહે છે જ્ઞાનથી અન્યમાં, અનેરા ભાવમાં, એ આત્મામાંથી રાગ ઉત્પન્ન થતો નથી. આત્માને આધારે રાગ થતો નથી. એ રાગ અધ્ધરથી ઉત્પન્ન થાય છે અને કાં પુદ્‌ગલના સંગે ઉત્પન્ન થાય છે પણ જીવના સંગે તો રાગ ઉત્પન્ન થતો નથી. એવા જ્ઞાનથી અન્યમાં, **જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં એમ ચેતવું,** ચેતવું એટલે એમ જાણવું, એમ **અનુભવવું કે આ હું છું.** આ રાગ તે જ હું છું. રાગ મારો અને તેનો કર્તા હવે. રાગ જ્યાં અહીં જ્ઞાનપદમાં જણાય છે ત્યાં એમ જ્ઞાનને ગ્રહણ નથી કરતો. જ્ઞાનનો ત્યાગ અને રાગનું ગ્રહણ તેને અજ્ઞાનચેતના કહેવામાં આવે છે. સમયે સમયે જ્ઞાનને છોડે છે જીવ. આહાહા! પ્રગટ થતાં જ્ઞાનને છોડીને જે જ્ઞાનમાં સ્વચ્છતામાં દેહાદિ ને રાગાદિ (ને) પુદ્‌ગલના કર્મ ને નોકર્મના પરિણામ માત્ર જણાય છે, તે જાણવાના કાળે જ્ઞાનને છોડીને જે જણાય છે તેમાં મારાપણાની બુધ્ધિ કરે છે તેને પરમાત્મા અજ્ઞાનચેતના કહે છે. જ્ઞાનચેતનાનો ત્યાગ અને અજ્ઞાનચેતનાનું ગ્રહણ. અજ્ઞાની એમ સમયે સમયે કરે છે. જ્ઞાની જ્ઞાનચેતનાને ગ્રહે છે અને રાગને છોડે છે સમયે સમયે. છોડે છે એટલે? એની ઉપેક્ષા કરે છે. મારો ભાવ નથી. એમ ચેતવું કે આ હું છું, તે અજ્ઞાનચેતના છે.

અજ્ઞાનની ઉત્પત્તિ કેમ થઈ? દેહ જણાય તો દેહ મારો, તેનું નામ અજ્ઞાનચેતના છે. દુકાન જણાણી તો દુકાન મારી, તેનું નામ અજ્ઞાનચેતના છે. પુત્ર-પુત્રી જણાયા જ્ઞાનમાં, તો આ પુત્રી મારી અને આ પુત્ર મારો એ અજ્ઞાનચેતના છે.

મુમુક્ષુ :- આવું જ ચાલે છે.

ઉત્તર :- હા, એ ચાલે છે એ છોડવા જેવું છે. આ અજ્ઞાનચેતના છે. તે બે પ્રકારે છે. અજ્ઞાનચેતનાનો એક પ્રકાર કહ્યો કે પોતાના જ્ઞાન સિવાય જ્ઞાનમય ભગવાનઆત્મા છે. ભાઈ! બીજા જે

અનેરા ભાવો છે, આહાહા! તેમાં એમ ચેતવું-જાણવું કે આ ભાવ મારો છે તેનું નામ તે અજ્ઞાનચેતના કહેવામાં આવે છે. અજ્ઞાન ઊભું કર્યું જીવે. અજ્ઞાન તેને કોઈ બળાત્કારે કરાવતું નથી. સમયે સમયે જ્ઞાનને છોડે છે ને જ્ઞાનમાં જણાતા ભાવને ગ્રહે છે. જે જણાય છે તે મારું, પણ જેની સ્વચ્છતામાં જણાય છે તે જ્ઞાન મારું ભૂલી જાય છે. તે અજ્ઞાનચેતના છે. સુખ-દુઃખના ભાવ, આકુળતાના ભાવ જીવના ભાવ નથી. એ જ્ઞાનથી અન્ય અનેરા ભાવો છે. દુઃખનો પ્રતિભાસ જ્ઞાનમાં દેખીને એવી કલ્પના કરવી કે હું દુઃખી છું તે અજ્ઞાનચેતના છે. જીવ સુખમય છે, જીવ દુઃખમય નથી. જીવ જ્ઞાનમય છે. આહા!

આ આત્મા છે, ભગવાનઆત્મા તેને રાગ કરવાની જરૂર શું પડે કે રાગ કરે! કાંઈક જરૂર પડે તો તો રાગ કરે ભગવાનઆત્મા. પણ જ્ઞાનીઓ કહે છે કે અમને તો એવું કાંઈ દેખાતું નથી કે ભગવાનઆત્મા રાગને કરે. કેમ કે તેને રાગ કરવાની જરૂર જ નથી. રાગ તો શા માટે કરે કે કંઈક લાભ થાય તો કરે. પણ આત્મા ભગવાનઆત્માને કઈ જરૂર પડી કે રાગને ઉત્પન્ન કરે. ભગવાનઆત્મા રાગનો ઉત્પાદક નથી, પ્રભુ! આહાહા! તારી બુધ્ધિ ભેદજ્ઞાનના અભાવથી બિડાઈ ગઈ છે. એક ભેદજ્ઞાનનું હથિયાર હાથમાં લ્યે તો નિશ્ચયાભાસ, વ્યવહારાભાસ ને ઉભયાભાસ ત્રણ પ્રકારના દોષનો પરિહાર થઈ જાય છે.

કેવી રીતે? કે આત્મા જ્ઞાનમય છે અને જયાં સુધી તેને સ્વભાવનું ગ્રહણ ન થયું અને પરભાવને પોતાનો માને ત્યાં સુધી એમ જાણે છે કે, આ રાગ છે એ પરાશ્રિત જીવની પર્યાયમાં થાય છે. થાય છે એવો સ્વીકાર કરે તો નિશ્ચયાભાસપણું નથી. અને થાય છે તેનો ત્યાગ કરવા યોગ્ય છે તો વ્યવહારાભાસપણું નથી. પણ આત્મા જ્ઞાનમય પણ છે અને રાગમય પણ છે, તેને ઉભયાભાસપણું કહેવામાં આવે છે. આત્મા શુધ્ધ પણ છે અને આત્મા અશુધ્ધ પણ છે તેને ઉભયાભાસપણું કહેવામાં આવે છે. પ્રમાણના પક્ષવાળો બેય નયના ગ્રહણને આ રીતે ગ્રહે છે. આ રીતે ગ્રહાતી નથી બે નય. આહા!

કહે છે કે એક વખત ભેદજ્ઞાનનું હથિયાર હાથમાં લે, ભેદજ્ઞાન બે વચ્ચે હોય. ડોકટરને ત્યાં જાય એ બિમારી, બિમાર છું એમ લઈને જાય છે. સોનગઢ જાય છે એ હું અજ્ઞાની, મિથ્યાદષ્ટિ છું એમ સ્વીકાર કરીને સોનગઢ જાતો હતો ગુરુદેવ પાસે. એ સ્વીકારે છે. સ્વીકારે છે તો એ નિશ્ચયાભાસપણું નથી. અને એ ત્યાગવા યોગ્ય છે એમ જાણે છે માટે વ્યવહારાભાસપણું પણ નથી. આહાહા!

એમ જાણીને આ જ્ઞાનમય આત્મા હું છું અને આ રાગ મારો ભાવ નથી. એ રાગ જીવનો વિભાવ છે પણ ખરેખર તો પુદ્‌ગલનો સ્વભાવ છે. પુદ્‌ગલનો સ્વભાવ જાણતા એનો દષ્ટિમાંથી ત્યાગ થઈ જાય છે કે, તે ભાવ મારો નથી. એ અજ્ઞાનચેતના તેને કહેવાય કે જ્ઞાનથી અન્ય રાગમાં મારાપણાની બુધ્ધિ કરવી તે અજ્ઞાનચેતના છે. તે બે પ્રકારે છે. અજ્ઞાનચેતનાના બે પ્રકાર. કર્મચેતના અને કર્મફળચેતનાનો જન્મ અજ્ઞાનચેતનામાંથી થાય છે. અજ્ઞાનચેતનામાંથી, આહા! તેના ગર્ભમાંથી બે બાળક જન્મે છે, કર્મચેતના અને કર્મફળચેતના.

ભગવાનઆત્મામાંથી કર્મચેતનાનો જન્મ થતો નથી. શું કર્મચેતના અને કર્મફળચેતના શાસ્ત્રીય શબ્દો છે. મુંઝાવા જેવું કાંઈ નથી. સમજાશે. સમજવાનો પ્રયત્ન કરે તો સમજાય. કર્મચેતના અને કર્મફળચેતના. ચેતના શું? અને કર્મફળચેતના શું? એનો વિસ્તાર કરે છે. તેમાં, જ્ઞાનથી અન્યમાં, રાગાદિ જે અન્ય અનેરા ભાવો છે. આત્માના ભાવો નથી, આત્માને આશ્રયે થતાં નથી. આત્મામાં રાગ અભેદ થતો નથી. પાણીમાં તેલ અનન્ય ન થાય, અભેદ ન થાય, તાદાત્મ્ય ન થાય. સંયોગરૂપે ભલે તેલ હોય, પાણી ઉપર તરે પણ એ તેલનું ટીપું પાણીના સ્વરૂપમાં પ્રવેશતું નથી.

એમ **જ્ઞાનથી અન્યમાં,** એટલે જ્ઞાનમય આત્માથી અન્યમાં, જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં, એમ કે પોતે **'આને હું કરું છું'** ભગવાનઆત્માને રાગ કરવાની જરૂર શું પડી? મને તો એ સમજાતું નથી. ભગવાનઆત્મા રાગને કરે પણ એને કરવાની જરૂર શું પડી કે કરે! સિદ્ધ ભગવાન જો રાગ કરે તો આ આત્મા રાગ કરે, લે! તને કાંઈ બેસે છે મગજમાં? હું તો સંસારી છું. ભૂલી જા સંસારી નથી તું જ્ઞાનમય આત્મા છો. એક વાર ભૂલી જા. પર્યાયને ગૌણ કર, પર્યાયનું લક્ષ છોડી દે. પર્યાયથી ભિન્ન જ્ઞાનાનંદ આત્મા હું છું, એક વખત તો લે. એમ ચેતવું કે આને હું કરું છું. કોને? દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ. પાપના પરિણામ કોણે કર્યા? કે જીવે કર્યા. એમાં પૂછવાનું શું હોય? અને પાપનું ફળ કોણ ભોગવે? કે જીવ ભોગવે. બુધ્ધિ મિથ્યા છે તારી. એવું સ્વરૂપ (નથી.) તું માની રહ્યો છો એવું આત્માનું સ્વરૂપ નથી. એમ ચેતવું કે આને હું કરું છું, આને એટલે રાગને.. હિંસા, અહિંસાના પરિણામ કરનારો આત્મા છે એમ જેને આત્મામાં કર્તાપણું દેખાય છે તે અશુધ્ધ આત્માને ગ્રહે છે. અને અશુધ્ધ આત્માને ગ્રહતા તેને મિથ્યાત્વની ને અજ્ઞાનની દશા ચાલુ રહી જાય છે. આહા!

રાગ આત્મામાં નથી થતો એમ જો માનું તો સ્વચ્છંદ થઈ જાય. આત્મામાં થતો જ નથી. આત્માની પરાશ્રિત પર્યાયમાં રાગ થાય છે એ હકીકત છે. તેનો સ્વીકાર કર્યા પછી ભેદજ્ઞાન હોય. રાગ આત્માની પર્યાયમાં પણ નથી થતો તો ભેદજ્ઞાનનો પ્રકાર હોય શકે નહીં. હોય તેમાં ભેદજ્ઞાન હોય, બેમાં ભેદજ્ઞાન હોય. ઘઉં ને કાંકરા, બજારમાંથી ઘઉંની ગુણી આવી. તેમાં કાંકરા પણ હોય અને ઘઉં પણ હોય. તો ઘઉંનું ગ્રહણ અને કાંકરાનો ત્યાગ. એમ અનાદિકાળથી પોતાના સ્વભાવને ભૂલીને પર્યાયમાં રાગ થતો હોવા છતાં ભગવાનઆત્માના સ્વભાવમાં રાગ થતો નથી. આહાહા!

'હું જાણું છું' એમ ન આવતા 'રાગને હું કરું છું', હું જાણનાર છું માટે જાણું, ભલે રાગને પણ કરું છું એમ તો છોડી દે. રાગ આવે તેને જાણું. રાગ કરીને જાણવું એમ ન હોય. રાગને કરતો જાવ અને રાગને જાણતો જાવ. એમ નથી. રાગ આવે તેને જાણું પણ હું કરું નહીં. તો સ્વામીત્વબુધ્ધિ છૂટી જશે, એકતાબુધ્ધિ છૂટી જશે. આહા! પછી રાગ આવે તેને જાણું તોપણ અનુભવ ન થયો, કયાંથી થાય? તું તો કષાયના દર્શન કરવા રોકાણો. એ તો ટેમ્પરરી તને કહ્યું હતું કે રાગનો કરનાર નથી, જાણનાર છે.

એ જાણવા રોકાણો એ કર્તા જ થઈ જાય છે. જાણવાનું છોડી દે. પર્યાયની આંખ બંધ કરી દે. આહાહા! જાણવાની આંખ બંધ કરી દે. તો એક આંખ નવી ઉઘડશે. અને તેમાં આત્માનો અનુભવ થશે.

એ કર્મચેતના છે. આહા! નિશ્ચયાભાસના નામે નિશ્ચય સુધી પહોંચી શકતો નથી. કેમ નિશ્ચયાભાસ? કોણ કહે છે ખબર છે? નિશ્ચયાભાસીનો શબ્દ કોણ ઉચ્ચારે છે? કે વ્યવહારનો પક્ષ છે તે. નિશ્ચયાભાસી કોણ કહે છે? કે જેને વ્યવહારનો પક્ષ પડયો છે, એ જયાં ઓલો ભેદજ્ઞાન કરીને કહે છે, કે રાગથી આત્મા ભિન્ન છે અને રાગનો કર્તા નથી. અરે! નિશ્ચયાભાસી થઈ જાઈશ. બોલો! હવે આમાં, ત્યાં સ્વરૂપ જેવું છે એવું વિચારે અને પ્રયોગ કરે તેમાં નિશ્ચયાભાસપણું કયાં છે, બાપુ! ભાઈ! ગુરુગમ અને પોતાની યોગ્યતાથી જીવ સમજે તેને કોઈ દોષ લાગે નહીં. પોતાની મેળે મેળે સમજમાં ન આવતું હોય તો ગુરુગમે તેણે સમજવું જોઈએ.

તે કર્મચેતના. રાગને હું કરું. રાગને આત્મા ન કરે તો કોણ કરે? આહા! રાગ જેમાં જણાય તે જ્ઞાનને કરે કે આત્મા રાગને કરે? તું વિચાર તો કર! રાગને કરે કે આવતા જતાં રાગને જાણે? આવતા જતાં રાગને જાણે કે પરમાત્મા છે તેને જ્ઞાન જાણે? તું વિચાર તો કર થોડો! કર વિચાર તો પામ. 'શુધ્ધ બુધ્ધ ચૈતન્યઘન સ્વયં જયોતિ સુખ ધામ, બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ'. વિષય આપ્યો વિચારનો. વિષય એવો આપ્યો કે હું શુધ્ધ છું, બુધ્ધ છું. આહાહા! એનો વિચાર કર એટલે એનું જ્ઞાન કર તો તને અનુભવ થશે. કર વિચાર તો પામ. કોલકરાર! પામીશ નહીં. પામ, હમણાં. આહા!

આ રાગ હું અને રાગને હું કરનાર છું. મિથ્યાબુધ્ધિ તારી છે. **તે કર્મચેતના છે અને જ્ઞાનથી અન્યમાં એમ ચેતવું કે 'આને હું ભોગવું છું',** દુઃખને. કર્મફળચેતના એટલે કર્મ એટલે રાગ અને તેનું ફળ આકુળતા. અને આકુળતાને હું ભોગવું છું. કરે તે ભોગવે? સીધી વાત છે, એક ને એક બે જેવી. આમાં કયાં લાંબી વાત છે? આહા! આત્મા દુઃખનો જાણનાર છે, એ પણ વ્યવહાર છે. ભેદજ્ઞાન કરી લે કે દુઃખથી તારો આત્મા ભિન્ન છે. ભોકતાપણું આત્માના ત્રિકાળ સ્વભાવમાં નથી. કર્તાધર્મને ભોકતાધર્મને જ્ઞાન જાણે. પણ કર્તાધર્મને કરે અને ભોકતાધર્મને ભોગવે એ વસ્તુના સ્વભાવમાં નથી. આહાહા! જાણે ભલે કદાચિત અસ્થિરતાથી થાય થોડો ભાવ. કર્તાધર્મને જાણે, ભોકતાધર્મને પણ જ્ઞાન જાણે પણ **હું કરું છું ને હું ભોગવું છું** એમ સમ્યગ્જ્ઞાનીને ભાસતું નથી. ભેદજ્ઞાનીઓને ભાસતું નથી.

'આને હું ભોગવું છું', તે કર્મફળચેતના છે. **એમ બે પ્રકારે અજ્ઞાનચેતના છે. તે સમસ્ત, બધી અજ્ઞાનચેતના સંસારનું બીજ છે.** સંસાર એટલે દુઃખનું બીજ છે. 'રાગને હું કરું છું' તે સંસાર અને 'દુઃખને હું ભોગવું છું તે સંસાર' આહા! હું તો ભાઈ અજ્ઞાની છું ને! એટલે દુઃખને હું ભોગવું છું. જ્ઞાની થાય પછી દુઃખને નહીં ભોગવું. પણ હું અજ્ઞાની છું ત્યાં સુધી દુઃખને ભોગવનાર હું છું, એમ દુઃખનો ભોગવનાર આત્મા છે, એમ માને ત્યાં સુધી તેની દશામાં પરંપરા દુઃખ ત્યાં આવ્યા કરશે.

દુઃખથી આત્મા મૂકાશે નહીં. આહા! દુઃખનો ભોગવનાર છે કે દુઃખનો જાણનાર છે? કે આત્માનો જાણનાર છે આત્મા. જાણનાર છે, કરનાર છે, જાણનાર છું કે કરનાર છું? જ્ઞાતા છું કે કર્તા છું? આહાહા!

**કારણ કે સંસારનું બીજ જે આઠ પ્રકારનું (જ્ઞાનાવરણાદિ) કર્મ, તેનું તે અજ્ઞાનચેતના બીજ છે,** આ જયાં સુધી જ્ઞાનથી અન્ય રાગાદિમાં પોતાપણે માને ત્યાં સુધી તેને અજ્ઞાન ઊભું થાય છે અને અજ્ઞાનના નિમિત્તે કર્મનો બંધ પણ એકક્ષેત્રાવગાહ સંબંધ કર્મનો બંધ થાય છે, જીવને. આહાહા! કર્મનો બંધ કોને થાય છે? કે જે ભેદજ્ઞાનનો અભાવ છે અને પરને પોતાનો માને છે, એવું અજ્ઞાન ઊભું કરે ત્યાં સુધી તેને કર્મનો બંધ થયા કરે છે. અર્થાત્ તેનાથી કર્મ બંધાય છે. **માટે મોક્ષાર્થી પુરુષે,** લ્યો! અજ્ઞાન કેમ ઊભું થાય છે એમ જો જાણવામાં આવે ને તો અજ્ઞાન ટળી જાય.

દૂધ હજમ થતું નથી અને દૂધ પીધા કરે પછી ડોકટર પાસે જાય, કે સાહેબ! ઝાડા બહુ થઈ ગયા છે. દવા આપી, ઝાડા મટી ગયા. પાછા ચાર છ દિ' થયા પાછો દૂધ પીને ગયો. સાહેબ! ઝાડા થઈ ગયા. કે દૂધ પીધું હતું? તો કહે હા, દૂધ પીધા વિના રહેવાતું નથી. અરે! ઝાડાનું કારણ તને મળ્યું તો તારે દૂધ છોડી દેવું જોઈએ. એમાં ચંદુભાઈ શું કરે? ચંદુભાઈ કહે છે, દવાની જરૂર નહીં પડે, દૂધ તું બંધ કરી દે. આહા! કેટલાકને દૂધનું હોય છે. સમજી ગયા પેટમાં. કો'કને છાસથી શરદી થાય અને કો'કને દૂધથી ઝાડા થાય. એ છોડી દે! આહા!

એમ મોક્ષાર્થીએ શેનો ત્યાગ કરવો? આ ત્યાગની વાત આવી. કે સોનગઢના સંતે કાંઈ ત્યાગની વાત કરી છે? કે હા, સાંભળ! ત્યાગની વાત એવી કરી છે કે એ ત્યાગનું સ્વરૂપ તું ખ્યાલમાં લે તો જ્ઞાનનું ગ્રહણ અને રાગનો ત્યાગ દૃષ્ટિમાંથી થઈ જશે. સંયોગરૂપે રાગ રહેશે. પણ દૃષ્ટિમાંથી ત્યાગ થઈ જશે. મારો નહીં રાગ. જ્ઞાનમાં એમ જાણ્યું કે આ રાગ પરાઈ ચીજ છે તેને જ્ઞાનને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. ત્યાગની વાત ચાલે છે આ. આમાં સન્યાસ આવશે. સન્યાસી થઈ જા. **માટે મોક્ષાર્થી પુરુષે,** 'માત્ર મોક્ષ અભિલાષ'. મોક્ષાર્થી એટલે? 'માત્ર મોક્ષ અભિલાષ'. એક શુદ્ધાત્મા જોઈએ, એ સિવાય મારે કાંઈ જોઈતું નથી. એમ શુદ્ધાત્માનો મહિમા જેને આવે તેને પુણ્ય અને પુણ્યના ફળનો મહિમા છૂટી જાય છે. **મોક્ષાર્થી પુરુષે,** પુરુષે એટલે સ્ત્રી, પુરુષનો ભેદ ન કરવો, આત્મા. તે આત્મા છે. સ્ત્રી પણ આત્મા અને પુરુષ પણ આત્મા છે.

**મોક્ષાર્થી પુરુષે અજ્ઞાનચેતનાનો પ્રલય કરવા માટે,** આહાહા! લય એટલે નાશ થઈ જાય છે, ક્ષય થઈ જાય છે, અજ્ઞાનનો. મિથ્યાજ્ઞાનનો ક્ષય થઈ જાય છે અત્યારે. આહા! એ સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે, એમ જેણે જાણ્યું કે, જ્ઞાનથી અન્ય અનેરાભાવમાં મારાપણાની બુદ્ધિ કરવી તેને પરમાત્મા અજ્ઞાનચેતના કહે છે. તો પરભાવને પરભાવ જાણે અને સ્વને સ્વભાવ જાણે. એવું ભેદજ્ઞાન કરે તો

અજ્ઞાન પ્રલય થઈ જાય છે. અજ્ઞાનનો નાશ કરતાં આઠ કર્મનો બંધ પણ એ જીવને થતો નથી.

**અજ્ઞાનચેતનાનો પ્રલય કરવા માટે, સકળકર્મના સંન્યાસની(ત્યાગની) ભાવનાને,** આહા! લ્યો! અહીંયા કાંઈ ત્યાગ નથી થતો. અરે ભાઈ! તેં ત્યાગની વાત સાંભળી નથી. આત્મા આત્માની સન્મુખ થઈને જ્ઞાનરૂપે જયારે પરિણમે છે ત્યારે તે જ જીવ અજ્ઞાનરૂપે નથી પરિણમતો એવી અજ્ઞાનદશાની ઉત્પત્તિ ન થવી તેને અજ્ઞાનનો ત્યાગ કર્યો કહેવામાં આવે છે. **નાશ કરવા માટે સકળ કર્મના સંન્યાસની ભાવનાને,** આહા! ભાવના એટલે વારંવાર સ્વભાવની સન્મુખ થઈને, રાગને જુદો જાણીને સ્વભાવમાં ઠરવું તેને ભાવના કહેવામાં આવે છે. ભાવના એટલે વિકલ્પ નહીં. ભાવના એટલે અંતરસન્મુખ થઈ અને તેમાં અનુભવ કરવો, 'આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળ જ્ઞાન રે' વાકય સાચું છે. વાકય સો ટકા સાચું છે. પણ એ વાકયના મર્મને જીવ સમજતાં નથી. આહાહા! આતમ ભાવના એટલે આત્માના સ્વરૂપનું લક્ષ કરી સમ્યગ્દર્શન પ્રગટ કર્યા પછી ચારિત્રવંત ભગવાનઆત્માની ભાવનામાં લીન થાય છે, ત્યારે તેને આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન. બે ઘડી આત્મામાં લીન થાય છે સાધક, ત્યારે તેને કેવળજ્ઞાનની પ્રગટતા થઈ જાય છે. પણ કયાં ઠરવું. એવું શ્રધ્ધાન ને જ્ઞાન ન હોય તો ઠરે શેમાં? લીન શેમાં થવું?

**માટે સકળ કર્મના સંન્યાસની,** અજ્ઞાનચેતનાના બે ભેદ કર્મચેતના અને કર્મફળચેતના. એ મારા ભાવો નથી. એ પરાયા ભાવો છે. હું એનો સ્વામી નથી. પુદ્ગલ તેનો સ્વામી છે. પર્યાય અહીંયા થાય અને પુદ્ગલ તેનો સ્વામી થાય? કે હા, હું એનો સ્વામી નથી. સ્વ-સ્વામી સંબંધ તારે આત્માની સાથે છે. રાગની સાથે સ્વ-સ્વામી સંબંધ નથી. રાગ તે સ્વ અને હું તેનો સ્વામી એમ જાણવું માનવું અજ્ઞાનચેતના છે. એ રાગનો સ્વામી પુદ્ગલ છે. હું તેનો સ્વામી નથી. આહા! હું તો જ્ઞાયક જ્ઞાનનો સ્વામી છું. જ્ઞાન મારું. જ્ઞાન સ્વ અને હું તેનો સ્વામી. એવો ભેદ નીકળતાં અનુભવ થાય.

**કર્મના સંન્યાસની (ત્યાગની) ભાવનાને,** ત્યાગની ભાવનાને, ત્યાગ. ગ્રહણપૂર્વક ત્યાગ. જ્ઞાનનું ગ્રહણ અને અજ્ઞાનનો ત્યાગ. જ્ઞાનનું ગ્રહણ અને અજ્ઞાનનો ત્યાગ. એટલે જ્ઞાનભાવે જયારે પરિણમે છે અંતરસન્મુખ થઈને, ત્યારે તે જીવ પરભાવને પોતાનો નથી જાણતો અને પોતાના ભાવને પોતાને જાણવારૂપે પરિણમે છે ત્યારે અજ્ઞાનચેતનાનો ઉદય ન થવો તેને અજ્ઞાનદશાનો ત્યાગ કર્યો કહેવામાં આવે છે. અજ્ઞાન ઉત્પન્ન કર્યે જાય અને તેનો ત્યાગ કર્યે જાય. અજ્ઞાન ઉત્પન્ન કર્યે જાય અને તેનો ત્યાગ કર્યે જાય. એમ છે નહીં.

રાગ ઉત્પન્ન કરવો અને ત્યાગ કરવો, રાગ ઉત્પન્ન કરવો અને ત્યાગ કરવો. એમ નથી. જયાં અજ્ઞાનની દશા જ ઉત્પન્ન ન થાય જ્ઞાન દશા પ્રગટ થાય તે મોક્ષાર્થી જીવે જ્ઞાનનું ગ્રહણ કરતાં જ્ઞાનમાં ત્રણ ગુણ લઈ લેવા. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના પરિણામ ત્રણે આવી જાય. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન,

મિથ્યાચારિત્રનો લય થઈ જાય છે. આહાહા! વિલય થઈ જાય છે, પ્રલય થાય છે, નાશ થાય છે. પાંચમા આરાના આહા! જીવોને, પાંચમા આરાના સંતો કહે છે કે જ્ઞાનચેતના પ્રગટ થતાં અજ્ઞાનચેતનાનો નાશ થાય છે. આહા! સંસારનું બીજ હતું તે બળી જાય છે,

જેમ વટ-વૃક્ષનું બીજ બળે છે તો વડલો થાય નહીં. એમ સંસારનું બીજડું અજ્ઞાનચેતના, અજ્ઞાનચેતના એટલે પોતાના આત્મા સિવાય પરભાવને પોતાના જાણવા તેનું નામ અજ્ઞાનચેતના છે અને પરભાવનો હું કરનાર છું એ કર્મચેતના છે. અને તેનું ફળ દુઃખ તેને 'હું ભોગવું છું', આહા! એ દુઃખની સાથે એકાકાર થઈ જાય છે. દુઃખ ભિન્ન અને જ્ઞાન ભિન્ન. એ એકત્વબુધ્ધિવાળાને ખ્યાલ આવતો નથી. મિથ્યાત્વ ગળે, તે ગળે છે તો ટળે. તે સમ્યગ્દર્શનનો અનુકૂળ વ્યવહાર છે. તેની સાથે અનંતાનુબંધી કષાય પણ ગળે, ગળે ને ગળે જ. બેય સાથે ગળે છે. એક ગળે અને એક વધે એમ ન હોય.

કહે છે, **માટે કર્મના સંન્યાસની (ત્યાગની) ભાવનાને તથા સકળ કર્મફળના સંન્યાસની ભાવનાને નચાવીને, સ્વભાવભૂત એવી ભગવતી જ્ઞાનચેતનાને,** આહાહા! સ્વભાવભૂત. ઓલી વિભાવભૂત હતી રાગ. સકળ જ્ઞાનચેતના, ધર્મચેતના કહે છે. એક ધર્મચેતના અને એક કર્મચેતના. કર્મચેતના કરતો આવ્યો છે પણ ધર્મચેતના પ્રગટ કરતો નથી. એ સ્વભાવભૂત આવી છે, એવી ભગવતી જ્ઞાનચેતનાને, જ એકને સદાય નચાવવી. ........ જ્ઞાનચેતના પ્રગટ કરતાં અજ્ઞાનચેતનાનો નાશ થાય છે. એવી આત્માને આશ્રયે જ્ઞાન પ્રગટ કરી અને અલ્પકાળમાં જીવ મુક્તિને પામે છે.